કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના ફીકસ પગારનાં કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૦/૦૭/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) સા. વ. વિભાગનો તા. ૫-૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૨) સા. વ. વિભાગનો તા. ૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૩) સા. વ. વિભાગનો તા. ૭-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

આમુખ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ (૧) પરના તા.૫-૭-૨૦૧૧ના ઠરાવથી રાજય સરકારની વિવિધ સેવાઓમાં ફરજ બજાવતાં નિયમિત કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ અને સંદર્ભ (૨) પરના તા.૧૩.૧૦.૨૦૧૫નાં ઠરાવથી ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા અગ્રતાક્રમ નકકી કરવામાં આવેલ છે. ત્યારબાદ સંદર્ભ (૩) પરના તા. ૭-૪-૨૦૧૬નાં ઠરાવથી ચાલુ નોકરીએ તા. ૧-૪-૨૦૧૬ કે ત્યારબાદ અવસાન પામતાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય નકકી કરવામાં આવેલ છે જે હાલ અમલમાં છે. રાજય સરકારની વિવિધ કચેરીઓ ખાતે નિયમિત જગ્યા ઉપર પ્રવર્તમાન ફીકસ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે ફીકસ પગારથી નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓના અવસાનનાં કિસ્સામાં, તેઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવા અંગેની કોઈ જોગવાઈ હાલ અમલમાં ન હોવાથી ફીકસ પગારના કરારીય ધોરણે નિમણૂંક પામતા કર્મચારીઓ અને ત્યારબાદ નિયમિત નિમણૂંકનાં એક વર્ષ દરમ્યાન અવસાનના કિસ્સામાં સ્વ.કર્મચારીના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા માટે એક અલગ નીતિ ઘડવાની બાબત રાજય સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

(૧) રાજય સરકારની વિવિધ કચેરીઓ ખાતેની નિયમિત જગ્યા ઉપર ફીકસ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓની ફીકસ પગારની સેવા દરમ્યાન અથવા ફીકસ પગારની સેવા બાદની નિયમિત સેવાનાં એક વર્ષનાં સમય દરમ્યાન થયેલ અવસાનનાં કિસ્સામાં રૂ. ૪/- લાખની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

(૨) સા.વ.વિભાગનાં તા. ૫-૭-૨૦૧૧ના ઠરાવથી રહેમરાહે યોજના અંતર્ગત સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિતને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની નીતિ અમલમાં આવી હોઈ આ નવી નીતિનો અમલ તા. ૫-૭-૨૦૧૧ અને ત્યારબાદ થયેલ અવસાનના કિસ્સામાં લાગુ પડશે.

(3) અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને નીચેના અગ્રતાક્રમ મુજબ ઉચ્ચક નાણાકીય સહાય મળવાપાત્ર થશે :

૧.સ્વર્ગસ્થ કર્મચારીના વિધવા કે વિધુરને

૨.સ્વર્ગસ્થ કર્મચારીના વિકલાંગ/શારીરિક અશક્ત પુત્રી કે પુત્રને

૩.સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષથી નીચેની વયની અપરણિત પુત્રીને(નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધેલ સંતાન સાથે)

૪.સ્વર્ગસ્થ કર્મચારીની ૨૫ વર્ષથી નીચેની વયના અપરણિત પુત્રને(નિ:સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન હિન્દુ એડપ્શન એક્ટ-૧૯૫૬ હેઠળ દત્તક લીધેલ સંતાન સાથે)

૫.સ્વર્ગસ્થ કર્મચારીના માતાને

૬.સ્વર્ગસ્થ કર્મચારીના પિતાને

(૪) રોજમદારો, કેજ્યુઅલ વર્કરો, એપ્રેન્ટીસો અને એડહોક, કોન્ટ્રાક્ટ કે પુનઃ નિયુક્તિના ધોરણે નિમણૂક પામેલા કર્મચારીઓને તથા ૧૧ માસના કરારના ધોરણે નિમણૂક પામેલા કર્મચારીઓને આ યોજના લાગુ પડશે નહિ.

(૫) જ્યાં કુટુંબમાં પતિ તથા પત્ની બંને સરકારી / કરાર આધારે ફીકસ પગારથી ફરજો બજાવતાં કર્મચારી હોય અને તે પૈકી કોઇ એકનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તે સંજોગોમાં તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળી શકશે નહી.

(૬) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ સરકારી / કરાર આધારે ફીકસ પગારથી ફરજો બજાવતાં કર્મચારીનાં પતિ / પત્ની, ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજ્ય સરકાર, અર્ધસરકારી સંસ્થાઓ, રાજ્ય/કેન્દ્ર સરકાર હસ્તકનાં બોર્ડ/ કોર્પોરેશન, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, તાલુકા/જિલ્લા પંચાયત, રાષ્ટ્રીયકૃત બેન્કો, સહકારી સંસ્થાઓ (દા.ત. નાગરિક સહકારી બેંકો, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો, ગુજકોમાસોલ, રાજ્યની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, જિલ્લા મધ્યસ્થ બેંકો વિગેરે) તથા રાજ્ય સરકાર કે

કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ વિગેરે પૈકી કોઇ કચેરીમાં ફરજો બજાવતાં હોય તો, તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળી શકશે નહિ.

(૭) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને આવી ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી સંબંધિત ખાતાના વડાઓએ આપવાની રહેશે. સચિવાલયના વિભાગો હેઠળના કેસોમાં આવી ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી સચિવાલયના સંબંધિત વિભાગોએ આપવાની રહેશે.

(૮) આવા સ્વર્ગસ્થ કર્મચારીના ડેથ સર્ટિફિકેટ તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી, ફકરા-(૩)માં દર્શાવેલ, સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબની વ્યક્તિને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજુરી આપવાની કાર્યવાહી સંબંધિત વિભાગ / ખાતાએ સત્વરે પૂરી કરી, તેમને કર્મચારીના અવસાનની તારીખથી ત્રણ માસમાં આ સહાયની રકમ મળે, તે જોવાનું રહેશે.

(૯) તા.૫-૭-૨૦૧૧ કે ત્યારબાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ ઉપર ક્રમ-૧ માં દર્શાવ્યા મુજબના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને ઉચ્ચક નાણાકીય સહાય આપવાના કેસોનો આ નવી યોજના પ્રમાણે નિકાલ કરવાનો રહેશે.

(૧૦) આ યોજના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજય સેવા તથા પંચાયત સેવાના કરાર આધારે ફીકસ પગારથી ફરજો બજાવતાં કર્મચારીઓ ઉપરાંત ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ કે જેમાં અગાઉ રાજય સરકારની મંજુરીથી રહેમરાહે નોકરીની નીતિ કે ત્યારબાદની ઉચ્ચક નાણાકીય સહાયની નીતિનો અમલ કરવામાં આવેલ હોય તેવી ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર તમામ વર્ગ-૩ અને વર્ગ-૪ના આશ્રિત કુટુંબના કિસ્સામાં સમાન રીતે લાગુ પડશે.

(૧૧) આ અંગેનું ખર્ચ સંબંધિત વિભાગની ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એ.એચ.મનસુરી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી.

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ .
પગાર અને હિસાબી અધિકારીશ્રી , અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં.
પત્ર દ્વારા